# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　તા. ૨૩/૦૮/૨૦૧૮

તંત્રીશ્રી,

ગુજરાત મિત્ર,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **સ્વચ્છ ભારત અભિયાનમાં અનોખી પહેલ બદલ ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાને અભિનંદન પાઠવતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી.**
- **પ્લાસ્ટીક બેગને બદલે કાપડની થેલી અભિયાનને વધુ વેગવંતુ બનાવવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું સૂચન.**
- **શહેર ભાજપ દ્વારા અત્યાર સુધી શહેરના જુદા જુદા વિસ્તારમાં આશરે ૩ લાખ કરતા વધુ કાપડની થેલીનું વિનામૂલ્યે વિતરણ થઈ ચૂક્યુ છે.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

એક દિવસના ગુજરાતના પ્રવાસે આવેલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી આજે સવારે સુરત એરપોર્ટ ખાતે પધાર્યા હતા. જ્યાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મેયર શ્રી ડૉ. જગદીશ પટેલ,

કલેકટર શ્રી ડૉ. ધવલ પટેલ, શહેર પોલીસ કમિશ્નર શ્રી સતીષ શર્માએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ હતું.

સ્વચ્છ ભારતના અભિયાનના ભાગરૂપે શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ પ્લાસ્ટીક બેગને બદલે કાપડની થેલીનો ઉપયોગ કરવાની શહેરની જનતાને અપીલ કરી હતી. માત્ર અપીલ જ નહીં પરંતુ શહેરની જનતાને કાપડની થેલી સરળતાથી મળી રહે તેમજ તેઓને કાપડની થેલીનો ઉપયોગ કરવાની ટેવ પડે તેવા ઉમદા હેતુથી શહેર ભાજપ દ્વારા શહેરના તમામ વિસ્તારોમાં કાપડની થેલીનું **વિનામૂલ્યે** વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું. ચૂંટાયેલી પાંખ તથા શહેર સંગઠનની ટીમ થકી શહેરના વિવિધ વિસ્તારોમાં અત્યાર સુધી લગભગ ત્રણ લાખ કાપડની થેલીનું વિતરણ થઈ ચૂક્યું છે. આમ પર્યાવરણ અને પશુની રક્ષા માટે શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા દ્વારા આદરવામાં આવેલી અનોખી પહેલની પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ખાસ નોંધ લઈ સુરત એરપોર્ટ ખાતે શ્રી નીતિનભાઈ ભજીયાવાળાની પીઠ થાબડી તેમને અભિનંદન પાઠવ્યા હતા તેમજ આ અભિયાનને એક આંદોલન બનાવવાનું સૂચન કર્યુ હતું.